## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



**આમ તો હું મોબાઈલ નથી વાપરતો પરંતુ હવે ચાઈનાની પ્રોડક્ટના વિરોધનો સમય આવી ગયો છે.. મને એક સારો સસ્તો ચાઈનાનો મોબાઈલ આપ..**

# ગુજરાતમાં ખાનગી શાળાઓની પ્રથમ સત્રની ફી માફ કરાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ખાનગી શાળાઓની પ્રથમ સત્રની ફી માફ કરવાની માગ ઉગ્ર બનતી જાય છે. આ માગ વચ્ચે રાજ્ય સરકારે વાલી મંડળો સાથે બેઠક કરી હતી. ગાંધીનગરમાં મળેલી બેઠકમાં વાલીમંડળો દ્વારા ત્રણથી છ માસ સુધીની ફી માફ કરવા ઉગ્ર માંગ કરવામા આવી હતી. સરકાર આ મુદ્દે ગંભીરતાથી વિચારી રહી છે અને મધ્યમ વર્ગના વાલીઓને મોટી રાહત આપવાની દિશામાં આગળ વધશે. આ પહેલા રાજ્ય સરકારે સ્કૂલ સંચાલકો અને વિવિધ સંઘો સાથે બેઠકો યોજી હતી.

બેઠક બાદ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, ફી માફી મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. અમે તમામ જિલ્લામાંથી શિક્ષણવિદો ઉપરાંત ખરા અર્થમા વાલી હોય એવા ડોક્ટરો, વેપારીઓ, વકીલો સહિતના અલગ અલગ વર્ગનાં લોકોના વાલીઓનાં નામ મંગાવ્યા છે. તેઓ સાથે વર્ચ્યુલ મીટિંગ કરવામા આવશે અને તેમનાં સૂચનો લેવામા આવશે. એ પછી અંતિમ નિર્ણાય લેવાશે. બીજી તરફ વાલી મંડળોનું કહેવું છે કે, રાજ્ય સરકારે ૨૦ જૂને કે ૨૧ જૂને ફરી બેઠક યોજવાન નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકાર સાથેની બેઠકમાં વાલી મંડળો દ્વારા માંગણી કરાઈ હતી કે, અબજો રૂપિયાનો એજ્યુકેશન સેસ (શિક્ષણ ઉપકર) ઉઘરાવતી સરકાર આ કરવેરાની રકમમાંથી વિદ્યાર્થીઓને ફી માફીનો લાભ આપે.

# કોંગ્રેસ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે ધરણા યોજાયા




ગાંધીનગર, તા. ૧૭

દેશના વર્તમાન સાશકોની માનસિકતા અને નીતિઓ જે રીતે લોક વિરોધી થતી જાય છે. જેના કારણે સમગ્ર દેશ એક માનવસર્જિત ત્રાસદીથી પીડાઈ રહ્યો છે. એક તરફ કોરોનાનો કહેર, બીજી તરફ ચીન અને નેપાળ જેવા દેશો સાથેનો સરહદી વિવાદ તેમાં કેન્દ્રની લોકવિરોધી સરકારને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા(ક્રૂડ)તેલના ભાવ ઐતિહાસીક નીચા સ્તરે પહોચ્યા છે. તેવા સમયે વર્તમાન સાશકોએ ભાવ ઘટાડાનો લાભ દેશના ગરીબ-મધ્યમ વર્ગને આપવને બદલે પોતાની તિજોરી ભરવા માટે કર્યો છે. જેના કારણે દેશના ગરીબ-મધ્યમ વર્ગનાં લોકોની આર્થિક હાલત કફોડી બની ગઈ છે.

સરકારની આવી જન-વિરોધી નીતિઓનો વિરોધ કરવા તથા લોકોને જાગૃત કરવા માટે આજે ૧૭-૬-૨૦૨૦ના રોજ સવારે ૧૦ થી બપોરે ૧૨ કલાક દરમ્યાન સત્યાગ્રહ છાવણી સે-૬, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાનીમાં સોશીયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખી જિલ્લા કોંગ્રેસના ચુનંદા કાર્યકરોની ઉપસ્થિતિમાં ધરણાં-વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરોએ પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાના વિરોધમાં સૂત્રોચાર કરી ભાવ-વધારો પરત ખેચવા સરકારને અરજ કરી ચેતવી હતી.

આ કાર્યક્રમમા ગાંધીનગર જી.પં. ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, ચેરમેન દિનાજી ઠાકોર, મંગળસિંહ સોલંકી, બાબુસિંહ ઝાલા, પ્રવિણસિંહ ઠાકોર, જીતેન્દ્રસિંહ સોલંકી, ખુમાનસિંહ રાણા, અમિત પારેખ, ગાંધીનગર મ.ન.પા.ના નગરસેવિકાઓ લલિતાબેન ઠાકોર, ઉર્મિલાબેન વર્મા, હીમતલાલ મેકવાન, મુકેશ મારૂ તથા અશોકભાઈ શ્રીમાળી સહિત ચુનંદા આગેવાનો-કાર્યકરોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેવું જિલ્લા તથા શહેર કોંગ્રેસની સંયુક્ત અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલ તથા મુકેશ મારૂએ જણાવ્યુ છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ રૂબરૂ મુલાકાતનો આગ્રહ રાખતા મુલાકાતીઓને કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિમાં આવો આગ્રહ ન રાખવા મુલાકાતીઓને વિનંતી કરતુ બોર્ડ તેમની ઓફિસે લગાવ્યુ છે.

● રાજ્યસભાની ગુરૂવારે યોજાનારી ચૂંટણીને લઈ તૈયારીઓ વિધાનસભા સચિવાલય ખાતે આજે ધમધમાટ જોવા મળ્યો હતો.

● ગાંધીનગર જિલ્લામાં જુલાઈ માસથી લાઈન ડિપાર્ટમેન્ટ્સ દ્વારા સઘન વનીકરણની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૪-બીના છાપરા, સે. ૩૦ અંગે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાનું જાહેરનામુ તેમજ સે. ૬ના કન્ટેનમેન્ટ ઝોનના એરિયાનુ રિવાઈઝડ કરતુ જાહેરનામુ જારી કરવામાં આવ્યું છે.

● આજે રાજ્યમંત્રી ઈશ્વરભાઈ પટેલ કેબિનેટની બેઠકમાં હાજરી આપવાની ઉતાવળમાં માસ્ક વિના પહોંચતા તેમણે સામેથી રૂ. ૨૦૦નો દંડ ભરી અને લોકોને માસ્ક પહેરવાના નિર્ણયનો અમલ કરવાની અપીલ કરી છે.

● માસ્ક પહેર્યા વિના ફરતા ૪ હજારથી વધુ લોકો પાસેથી મનપાએ રૂ. ૩ લાખથી વધુનો દંડ વસુલ્યો છે.

# ગુજરાતમાં યોજાનાર રાજ્યસભાની ચૂંટણીમાં ત્રણ બેઠકો પર ભાજપનો વિજય નિશ્ચિત : પ્રદિપસિંહ જાડેજા

## ચૂંટણીમાં ધારાસભ્યો મુક્ત મને મતદાન કરે એ આપણા સૌની ફરજ છે

ગાંધીનગર, તા. ૧૭

ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા તે જણાવ્યું છે કે આગામી ૧૯મી જૂને યોજાનાર રાજયસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ત્રણેય ઉમેદવારોની જીત નિશ્ચિત છે એટલે કોંગ્રેસ સીધી હાર ભાળી ગઈ હોવાથી બેબુનિયાદ નિવેદનો કરી રહી છે.

જાડેજાએ ઉમેર્યું કે રાજ્યસભાની ચૂંટણીમાં ચૂંટાયેલા ધારાસભ્યોએ મતદાન કરવું એ તેમની નૈતિક ફરજ છે ત્યારે સૌ ધારાસભ્યો મુક્ત મને મતદાન કરે, તેમણે સહેજ પણ ગભરાવાની જરૂર નથી. તેમણે કહ્યું કે ભારતીય જનતા પક્ષ પાસે પૂરતા મત છે અમારે કોંગ્રેસના એક પણ મતની જરૂર નથી એટલે જ અમારી જીત નિશ્ચિત છે.

કોંગ્રેસ પાસે ૬૫ મત છે એટલે દિલ્હીના એક નેતાના ઈશારે એકને જીતાડવો અને બીજાને હરાવવા અંગેની નીતિ અજમાવવામાં આવી રહી છે તે કોંગ્રેસની આંતર કલહની નીતિ સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આમ હાર દેખીને કોંગ્રેસ પોતાના ધારાસભ્યો સાથે લઈને ફરી રહી છે એ જ દર્શાવે છે કે અમારી જીત નક્કી છે.

# વડીલોપાર્જીત જમીનને પચાવી પાડવા માટે ૧૧ વ્યક્તિઓ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર ગામમાં આવેલી વડીલોપાર્જીત જમીનને પચાવી પાડવા માટે કુટુંબીજનો સહિત ૧૧ વ્યક્તિએ કૌભાંડ કર્યુ હોવાના આક્ષેપ સાથે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોતાની માતાના મૃત્યુ બાદ તેમના નામની ખોટી સહીઓના આધારે પાવર ઓફ એટર્ની તૈયાર કરી, તેના આધારે જમીનનું બારોબાર વેચાણ થયું હોવાનો આક્ષેપ મહિલાએ કર્યો છે.

સેકટર-૫ સી ખાતે રહેતા મિત્તલબેન જશુજી ઉદાજી બિહોલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, પેથાપુર ગામની સીમમાં તેમની વડીલોપાર્જિત જમીન આવેલી છે. ૧૫,૫૬૯ ચોમીની આ જમીનને બિનખેતી હેતુમાં ફેરવવા માટે તેમની માતા સજ્જનબા તથા અન્ય સગાએ જમીનદલાલ દિપસિંહ છગનજી વાઘેલા તથા ગણપતસિંહ શિવાજી વાઘેલા (બંને રહે. પેથાપુર)નો સંપર્ક કર્યો હતો. ૨૭-૧૧-૨૦૦૬ના રોજ જમીન દલાલોના કહેવાથી રાંધેજાના મિલનભાઈ ગાંડાભાઈ પટેલનો નોટરાઈઝ પાવર કરાયો હતો, જેમાં ફરિયાદી સગીર હોવા છતાં તેમની સહી લેવાઈ હતી અને તેમના માતા સજ્જનબા મૃત્યુ પામ્યા હોવા છતાં તેમની સહી હતી. આ પાવરના ઉપયોગથી મિલનભાઈએ ૨૩-૧૨-૨૦૦૮ના રોજ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા કમલેશભાઈ ચીનુભાઈ શાહ, મુકેશભાઈ ચીનુભાઈ શાહ તથા સુનિલભાઈ ચીનુભાઈ શાહની તરફેણમાં દસ્તાવેજ કરાયો હતો.

આ મામલે વર્ષ ૨૦૧૨થી કાનૂની વિવાદ ચાલી રહ્યો છે ત્યારે મિત્તલબેને આ મામલે જિલ્લા પોલીસવડા સમક્ષ અરજી કરી હતી. જેના આધારે તપાસ હાથ ધરાયા બાદ કબૂલાત દસ્તાવેજમાં ખોટી સહીઓના આધારે જમીન બારોબાર વેચવાના મામલે જમીનનો પાવર ઓફ એટર્ની બનાવી જમીન વેચનાર તથા ખરીદનાર અને ફરિયાદીના પરિવારજનો સહિત ૧૧ વ્યક્તિ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ગુજરાત રાજ્ય ચેરિટેબલ હોસ્પિટલ ફેડરેશનના વિવિધ હોસ્પિટલો દ્વારા મુખ્યમંત્રી રાહતફંડમાં કુલ ૨.૫૦ લાખનો ફાળો અર્પણ

ચિલોડા, તા. ૧૭




ગુજરાતની વિવિધ હોસ્પિટલો ફેડરેશનના પ્રયાસોથી ગુજરાતની વિવિધ હોસ્પિટલો દ્વારા મુખ્યમંત્રી રાહતફંડ ગાંધીનગર તાલુકાની રાંધેજા હોસ્પિટલ તથા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ઈસનપુર મોટા તરફથી રૂ. ૧.૫૧ હજાર એમ કુલ અઢી લાખ રૂપિયા જેટલો ફાળો મુખ્યમંત્રી રાહતફંડમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને અર્પણ કર્યો હતો. જેમાં ફેડરેશનના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, એમ.બી. પટેલ સા. હોસ્પિટલ ઈસનપુર મોટા સંસ્થાના માનદમંત્રી રામચંદ્રભાઈ જી. પટેલ તથા રમેશભાઈ બી. પટેલ તથા રાંધેજા હોસ્પિટલ તરફથી પોપટભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા સમાજના બાળકો માટે રાહત દરે નોટબુક-ચોપડાનું વિતરણ

વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૬મેથી તા. ૩૧ જુલાઈ સુધી કાર્યાલય સમય દરમિયાન સમાજના બાળકો માટે નોટબુક ચોપડાનું રાહત દરે વિતરણ સંસ્થાના કાર્યાલય ખાતેથી કરવામાં આવશે. દરેક સભ્યોને પોતાના બાળકો માટે વહેલા તે પહેલાના ધોરણે માર્કશીટની નકલ રજૂ કરી રાહત દરે નોટબુક ચોપડા મેળવી લેવા સંસ્થાના પ્રમુખ બીપીનભાઈ ગજ્જર દ્વારા જણાવાયું છે.

# સાઈ ખોતથી કબડ્ડીની ઈ-પાઠશાળાનો શુભારંભ





ગાંધીનગર, તા. ૧૭

કોવિડ-૧૯ મહામારીના પગલે હજુ પણ રમતગમત ક્ષેત્રે ભારે દ્વિધાનો માહોલ પ્રવર્તી રહ્યો છે. આ સ્થિતિમાં ભારતીય રમત-ગમત મંત્રાલય સંચાલિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ૨૨ જેટલી રમતોની તાલીમ માટે ઓનલાઈન ઈ-પાઠશાળા શરૂ કરવામાં આવી છે. ઈ-પાઠશાળા અંતર્ગત ગાંધીનગર સાઈ દ્વારા ગઈકાલથી કબડ્ડીની ઓનલાઈન તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં દેશભરમાંથી ૪૮૦ ખેલ પ્રતિભાઓએ ભાગ લીધો હતો.

ઓનલાઈન ઝુમ વેબિનારના માધ્યમથી શરૂ થયેલી ઈ-પાઠશાળાના શુભારંભ પ્રસંગે ગાંધીનગર સાઈ વેસ્ટર્ન સેન્ટરના ડાયરેક્ટર પી.કે. રાઘવે જણાવ્યુ હતુ કે સાઈ દ્વારા વિવિધ ૨૨ રમતો માટે દરરોજ સવારે ૭ થી સાંજના ૪.૩૦ કલાક દરમ્યાન ઓનલાઈન તાલીમ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. ઈ-પાઠશાળાનો હેતુ ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી તેમના ફીટનેસ લેવલની જાળવણી કરવાનો છે અને તે સાથે કૌશલ્યના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રાખવાનો છે.

ઈ-પાઠશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રો-કબડ્ડી લીગના મશાલ સ્પોર્ટસ એન્ડ લીગ કમિશનરના સીઈઓ અનુપમ ગોસ્વામીએ શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે 'આ તાલીમ ખેલાડીઓ માટે ખૂબ મહત્વની બની રહેશે.' ઓનલાઈન ઈ-પાઠાશાળાના શુભારંભ પ્રસંગે દેશભરમાંથી ૪૦૦ ખેલ પ્રતિભાઓ, કોચ તથા પદ્મશ્રી, દ્રોણાચાર્ય તથા અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.





પેથાપુર પોલીસ તંત્ર દ્વારા રાંધેજા-રૂપાલ માર્ગ પર વાહનચાલકોને અડચણરૂપ વૃક્ષને તાત્કાલીક અસરથી હટાવી દેવામાં આવ્યા છે. ચોમાસાની સિઝનમાં વાવાઝોડામાં માર્ગ પર કેટલાક વૃક્ષો ધરાશાઈ થઈ જતા આવન-જાવન માટે માર્ગ બંધ થઈ જાય છે. જેથી વાહનચાલકોને માર્ગ પર કલાકો સુધી બેસી રહેવુ પડે છે. તોફાની વરસાદને પગલે અનેક વૃક્ષો ધરાશાઈ થયા હતા. બીજીતરફ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારને જોડતા માર્ગો પર પણ વૃક્ષો આડશ રુપ જોવા મળ્યા હતા.

# સી.આર.પી.એફ., ગાંધીનગર દ્વારા ૩૫૦૦ વૃક્ષોનું વાવેતર કેમ્પ સંકુલ, લેકાવડા અને માધવગઢ ફાયરિંગ વિસ્તારમાં કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૭

સી.આર.પી.એફ.,ગાંધીનગર દ્વારા પર્યાવરણની સુરક્ષા માટેના અનોખા અભિયાનનો આરંભ ડી.આઈ.જી.પી. અને વૃક્ષારોપણ અભિયાન ગુજરાતના નોડલ અધિકારી શ્રી કે.એમ.યાદવના હસ્તે વૃક્ષારોપણ કરી કરવામાં આવ્યું છે. સી.આર.પી.એફ. દ્વારા આગામી તા. ૨૦ મી જુલાઈ સુધીમાં ૩૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વૃક્ષોનું વાવેતર કેમ્પની આસપાસના વિસ્તાર અને કેમ્પમાં કરવામાં આવશે.

દેશમાં આવનારી આપત્તિઓ, આંતરિક અશાંતિ અને કુદરતી આપત્તિઓમાં રાઉન્ડ ધ કલોક સી.આર.પી.એફ.ના જવાનો પોતાની ફરજ અદા કરતાં હોય છે. દેશની સુરક્ષા માટે ખડે પગે રહેનાર સી.આર.પી.એફ.ના જવાનો દ્વારા પર્યાવરણની સુરક્ષા માટે ઉમદા અભિયાન ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સી.આર.પી.એફ. ગૃપ કેન્દ્રના ઉપ કમાન્ડર શ્રી સુનિલકુમાર ખત્રીએ જણાવ્યું છે કે, અમારા ડી.આઈ.જી.પી. શ્રી કે.એમ.યાદવના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ બચાવવાનું અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આગામી તા. ૨૦મી જુલાઈ સુધીમાં કેમ્પના આસપાસ અને સંકુલમાં કરવામાં આવશે. તે ઉપરાંત લેકાવાડા ગામ તથા માધવગઢ ફાયરિંગ રેન્જમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

